RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-209 ■ DATE : 17-12-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

સાચું બોલવાની પણ એક રીત હોય છે. તે એવી રીતે બોલાવું જોઈએ કે તે અપ્રિય ન બને.



૨૦૦ રૂપીયાની ઉઘરાણી મામલે સાથે રહેતાં શખ્સે જ ગળે છરી ફેરવી દઈ કરપીણ હત્યા કરી 'તી

P-4

# સાયબર ફ્રોડ માટે બેન્કોની બેદરકારી પણ જવાબદારઃ સુપ્રીમ

## આ પ્રકારના ફ્રોડ સમયે બેન્કો સતર્ક થઈ જાય તેવું મિકેનીઝમ ગોઠવવા સરકારને જણાવાયુંઃસાયબર ઠગો રૂા.૩૦૦૦ કરોડની રકમ એળવી ગયા

નવી દિલ્હીઃ દેશમાં બેન્કીંગ સેવા સાથે જોડાયેલા ડીજીટલ એરેસ્ટ સહિતના સાઈબર ક્રાઈમમાં થઈ રહેલા વધારા તથા જે રીતે સાયબર ફ્રોડથી બેન્કો સાથે છેતરપીંડી થઈ રહી છે. તેના પર ગંભીર ચિંતા દર્શાવતા સુપ્રીમકોર્ટે આ પ્રકારની ગુન્હાખોરી માટે બેન્કોની બેકાળજી-બેદરકારી પણ જવાબદાર હોવાનું જણાવ્યુ હતું.

સુપ્રીમ કોર્ટે આ અંગે સરકાર તથા રેગ્યુલેટરી ખાસ કરીને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને આ પ્રકારની ગુન્હાખોરી સમયે બેન્કો



સાવધ થઈ જાય તે માટે મિકેનીઝમ ગોઠવવા જણાવ્યુ હતું. તમામ એજન્સીના એક રિપોર્ટ જેમાં જણાવાયુ કે ડીજીટલ એરેસ્ટ અને સાયબર- ચાંચીયાઓ દ્વારા બેન્ક ખાતામાંથી નાણા ઉઠાવી જવામાં કુલ રૂા.૩૦૦૦ કરોડની રકમ ગ્રાહકોએ ગુમાવી છે.

તેના પર સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી સુર્યકાંતે ચિંતા દર્શાવી કે ડીજીટલ એરેસ્ટ મારફત અને અન્ય સાયબર ફ્રોડની આટલી જંગી રકમ જમ એ ચોંકાવનારુ છે. બેન્કીંગ સીસ્ટમમાં આ પ્રકારની બેદરકારી શોધવા માટે ખાસ સીસ્ટમ હોવી જોઈએ. જયારે સ્કેમર બેન્કીંગ સીસ્ટમનો ગેરઉપયોગ કરે તો તુર્તજ બેન્કોને જાણ થઈ જાય તે જરૂરી બનવુ જોઈએ.

આ તકે એટર્ની જનરલે પણ સ્વીકાર્યુ કે આ પ્રકારના સ્કેમ કરનારને તક મળી જાય તેવી ક્ષતિ ચોકકસ છે. આ માટે આંતર મંત્રાલય કમટી એક મિકેનીઝમ ગોઠવવા માટે વિચારણા કરી રહી છે. આ તકે અદાલતની સહાયતા માટે નિયુક્ત સિનીયર ધારાશાસ્ત્રીએ જણાવ્યું કે નાણા જે રીતે ઉપાડી જવાય છે તેની રીકવરીની પણ ચિંતા થવી જોઈએ.

# ભૂગોળ જોર્ડનની મજબૂતી, ભારત પાસે સ્કિલ અને સ્કેલ : બિઝનેસ મીટમાં મોદીનું સંબોધન

**ભારત અને જોર્ડનની એવી દોસ્તી છે, જયાં વિશ્વાસ અને ભવિષ્યના આર્થિક અવસર એક સાથે મળે છે પીએમ મોદી**



નવી દિલ્હી તા.૧૬

વડાપ્રધાન મોદી હાલ ત્રણ દેશોના પ્રવાસે છે, તેના પહેલા પડાવમાં તેઓ જોર્ડનમાં છે. અહીં તેમણે બિઝનેસ મીટને સંબોધન કર્યું હતું. આ તકે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે દુનિયામાં અનેક દેશો સાથે સીમાઓ તો મળે જ છે, અનેક દેશોના બજાર પણ મળે છે. પરંતુ ભારત અને જોર્ડનના સંબંધો એવા છે, જયાં ઐતિહાસિક વિશ્વાસ અને ભવિષ્યના આર્થિક અવસર એક સાથે મળે છે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે ગઈકાલે જોર્ડનના રાજા સાથે મારી વાતચીતનો સાર પણ આ જ હતો કે ભૂગોળને અવસરમાં અને અવસરને વિકાસમાં કેવી રીતે બદલવામાં આવે? તેના પર અમે ચર્ચા કરી. જોર્ડન આજે એક એવું બ્રિજ બન્યું છે, જે અલગ-અલગ ક્ષેત્રો વચ્ચે તાલમેલ બેસાડવામાં ઘણું મદદ કરી રહ્યું છે. વડાપ્રધાને કહ્યું હતું કે ભૂગોળ જોર્ડનની મજબૂતી છે. ભારતમાં સ્કીલ અને સ્કેલ બન્ને છે. આથી બન્ને દેશો જયારે સાથે આવશે તો ભાગીદારી નવા આયામને સ્પર્શશે.

નવી દિલ્હી વડાપ્રધાન મોદીના જોર્ડન પ્રવાસના બીજા દિવસે એક ખાસ પળ જોવા મળી હતી, જેમાં જોર્ડનના ક્રાઉન પ્રિન્સ અલ હુસેન બિન અબ્દુલ્લા દ્વિતીયે ખુદ ગાડી ચલાવીને પીએમ મોદીને અમ્માન સ્થિત જોર્ડન મ્યુઝીયમ સુધી લઈ ગયા હતા. ક્રાઉન પ્રિન્સ દ્વારા ખુદ કાર ચલાવીને પીએમ મોદીને મ્યુઝીયમ સુધી લઈ જવા ભારત અને જોર્ડન વચ્ચે મજબૂત અને ઉષ્માભર્યા સંબંધોને દર્શાવે છે.

# મોદી સરકારને નામ બદલવાનો 'વળગાડ', પૈસાનો વ્યય : મનરેગા મુદ્દે પ્રિયંકા ગાંધીના પ્રહાર

સંસદમાં મનરેગા કાયદાને નાબૂદ કરી તેની જગ્યાએ નવું બિલ લાવવા મુદ્દે ભારે હોબાળો મચ્યો છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ 'વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર અને આજીવિકા મિશન(ગ્રામીણ) ટઈ-ૠૠઅખ ૠ' બિલ, ૨૦૨૫નો સખત વિરોધ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે આ નવું બિલ રોજગારના કાયદાકીય અધિકારને નબળો પાડે છે અને સત્તાનું કેન્દ્રીકરણ કરે છે.

પ્રિયંકા ગાંધીએ સરકારની ટીકા કરતાં કહ્યું કે, 'સરકારને દરેક યોજનાનું નામ બદલવાની જે સનક છે, તે સમજાતી નથી. જ્યારે પણ નામ બદલવામાં આવે



છે, ત્યારે સરકારી તિજોરી પર મોટો ખર્ચ થાય છે. કોઈ પણ બિલ કોઈની અંગત મહત્ત્વાકાંક્ષા કે પૂર્વગ્રહના આધારે રજૂ ન થવું જોઈએ.' તેમણે આ બિલને પાછું ખેંચીને સ્થાયી સમિતિ પાસે મોકલવાની માંગ કરી છે.

કોંગ્રેસ સાંસદે નવા બિલની ખામીઓ ગણાવતાં ચિંતા વ્યક્ત કરી હતી કે, 'આ કાયદાથી રોજગારનો કાયદાકીય અધિકાર નબળો પડશે અને મનરેગામાં અત્યાર સુધી જે કામની પાકી ગેરંટી મળતી હતી, તે હવે જોખમમાં મૂકાશે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ બિલ દ્વારા કેન્દ્ર સરકાર પોતાની જવાબદારીઓ ઓછી કરી રહી છે અને સત્તાનું નિયંત્રણ પોતાના હસ્તક વધારી રહી છે. સૌથી ગંભીર બાબત એ છે કે, અત્યાર સુધી મનરેગામાં કેન્દ્ર સરકાર ૯૦% ગ્રાન્ટ આપતી હતી, પરંતુ નવા બિલની જોગવાઈ મુજબ હવે રાજ્યોએ ૬૦% હિસ્સો ભોગવવો પડશે, જેના કારણે રાજ્યોની અર્થવ્યવસ્થા પર અસહ્ય બોજ વધશે.'

પ્રિયંકા ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'આ બિલ બંધારણના ૭૩મા સુધારા(પંચાયતી રાજ)ની વિરુદ્ધ છે. મનરેગામાં ગ્રામસભાઓને પોતાની જરૂરિયાત મુજબ કામ નક્કી કરવાનો અધિકાર હતો, જે હવે છીનવાઈ રહ્યો છે. બંધારણની ભાવના છે કે સત્તા દરેક વ્યક્તિના હાથમાં હોવી જોઈએ, જે પંચાયતી રાજનો મૂળ મંત્ર છે, આ બિલ તેની વિરુદ્ધ છે.'

# દેશના મોટાભાગના ક્ષેત્રોમાં શીતલહેર : પહાડોમાં બરફ, મેદાનોમાં ધુમ્મસ

## યુપી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હીમાં હજુ ધુમ્મસનું સામ્રાજય છવાઈ શકે છે : પૂર્વી ઉતરપ્રદેશ ઠંડી હવાથી ઠુંઠવાયું : હિમાચલમાં પહાડી ક્ષેત્રોમાં બરફ વર્ષા, મેદાનોમાં ધુમ્મસનું એલર્ટ

નવી દિલ્હી તા.૧૭

દેશના મોટાભાગના વિસ્તારોમાં શીત લહેરનો પ્રકોપ વધી રહ્યો છે. પહાડી રાજયોમાં શુષ્ક પરંતુ કાતિલ ઠંડી અને ઉંચાઈ વાળા વિસ્તારોમાં બરફવર્ષાનો દોર ચાલુ છે, જયારે મેદાની ભાગોમાં ગાઢ ધુમ્મસ અને પ્રદુષણ જનજીવનને અસર કરી રહ્યું છે, જયારે દક્ષિણ ભારત અને સમુદ્રી ક્ષેત્રોમાં વાવાઝોડાના પ્રસારને લઈને ગાજવીજ સાથે વરસાદ અને ભારે પવનોની ચેતવણી આપવામાં આવી છે.



હવામાન વિભાગના તાજેતરના અપડેટ મુજબ ઉતર-પશ્ચિમ ભારત પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ઉષ્ણકટીબંધીય પશ્ચિમી જેટ સ્ટ્રીમની અસર બની છે, જયારે દક્ષિણમાં ઉપરી હવાઓની ગતિવિધિ સક્રીય છે. દિલ્હી-એનસીઆરમાં તાપમાન ઘટવાના અને ૫ દિવસ ધુમ્મસનું અનુમાન છે.

હવામાન વિભાગ મુજબ તા.૧૭થી૨૦ ડિસેમ્બર દરમ્યાન ઉતર ભારતમાં ન્યુનતમ તાપમાન સામાન્યથી નીચે રહી શકે છે. જેથી રાત્રે ઠંડી વધી શકે છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હીમાં તા.૧૭થી૧૮ ડિસેમ્બર ધુમ્મસ છવાઈ શકે છે. ઉતરપ્રદેશમાં ગાઢ ધુમ્મસની ચેતવણી આપવામાં આવી છે જયારે મધ્યપ્રદેશમાં ગાઢ ધુમ્મસ રહેશે.

હિમાચલમાં ઉંચા વિસ્તારોમાં બરફ મેદાનોમાં ધુમ્મસનું એલર્ટઃ હિમાચલના ઉંચાઈવાળા ક્ષેત્રોમાં હવામાન બદલાયું છે. લાહોલ સ્પિતિના ઉંચા શિખરો પર હળવી બરફ વર્ષા નોંધાઈ છે જેથી ઠંડી વધી ગઈ છે. અનેક વિસ્તારોમાં ન્યુનતમ તાપમાન શૂન્યથી નીચે ચાલ્યું ગયું છે.ડુકુમસેરીમાં ન્યુનતમ તાપમાન માઈનસ ૫.૭ ડીગ્રી અને તાબોમાં માઈનસ ૨.૭ ડીગ્રી સેલ્સીયસ રેકોર્ડ કરાયું છે. હવામાન વિભાગે તા.૧૮ના મેદાની ક્ષેત્રોમાં ધુમ્મસને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે.

અહીં હવામાન ઠંડુ પરંતુ સુકુ બન્યુ છે. દહેરાદૂન સ્થિત હવામાન કેન્દ્રના અનુસાર આગામી ચારથી પાંચ દિવસમાં ન્યુનતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સીયસ સુધી ઘટાડો આવી શકે છે. દિવસે સૂર્યથી ઠંડી ઓછી લાગશે પણ રાત્રી કાતિલ બનશે.

સીમલા ૩૪ વર્ષ બાદ રાત્રે તાપમાનનો પારો ચડયોઃ સીમલામાં ૩૪ વર્ષ બાદ ડિસેમ્બરમાં રાત્રીનું ન્યુનતમ તાપમાન સામાન્યથી ઘણું વધુ નોંધાયું. આંકડા મુજબ ૧૭ ડિસેમ્બર ૧૯૯૧માં સીમલામાં રાતનું ન્યુનતમ તાપમાન ૧૩.૩ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું, સોમવારની રાત્રે આ આંકડો ૧૧.૪ ડીગ્રી હતો.

૫ 'દી ધુમ્મસનું અનુમાનઃ દિલ્હી-એનસીઆરમાં સોમવારની તુલનામાં મંગળવારે ભારે તડકો નીકળ્યો. આ દરમિયાન હવા પણ તેજ ચાલી. આથી સવારે વધુ ધુમ્મસ ને દેખાયું, જયારે મંગળવાર માટે ધુમ્મસનું યલો એલર્ટ જાહેર થયુ હતું. જયારે ન્યુનતમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો જોવા મળ્યો છે.

હવામાન વિભાગે ૧૭થી૨૨ ડિસેમ્બર સુધી હળવાથી મધ્યમ સ્તરના ધુમ્મસનું અનુમાન લગાવ્યુ છે, જયારે આજે રાત્રીથી હિમાલય ક્ષેત્રમાં એક નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ચાર-પાંચ દિવસ આંશિક વાદળ છવાવાની સંભાવના છે.

## અમિત શાહ-લોરેન્સ બિશ્નોઈને પણ ટાર્ગેટ કરાશે; અમદાવાદની કેટલીક સ્કૂલોમાં રજા જાહેર

# અમિત શાહના લોકસભા વિસ્તારની સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકી



અમદાવાદ, ગાંધીનગર, કલોલ શહેરની અલગ અલગ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ઝેબર ,ઝાયડસ, અગ્રસેન અને ઈન્ટરનેશનલ સ્કૂલ સહિત ૧૨ જેટલી સ્કૂલોને ધમકીભર્યા ઈ-મેલ મળ્યા છે. ધમકી મળતા જ સ્કૂલોમાં તપાસ શરૂ કરાઈ છે. પોલીસ, ફાયર વિભાગ અને બોમ્બ સ્કવોર્ડની ટીમ દ્વારા સ્કૂલોમાં તપાસ કરાઈ રહી છે. ધમકીને લઈને અમદાવાદની કેટલીક સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ છે.

અમિત શાહના લોકસભા વિસ્તારની જાણીતી સ્કૂલોને બોમ્બથી ઉડાવાની ધમકી મળી છે. સ્કૂલોને મોકલવામાં આવેલા ઈ-મેલમાં ૧૧૧ વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ છે. ઈ-મેલમાં અમદાવાદ ધમાકા બ્લાસ્ટ સ્કૂલ સે સાબરમતી જેલ તક એવું લખવામાં આવ્યું છે. સાથે જ મેલમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને લોરેન્સ બિશ્નોઈને પણ ટાર્ગેટ કરવાની ધમકી અપાઈ છે.

વાલી વૈશાલીબેન રાવલે જણાવ્યું હતું કે, સ્કૂલ તરફથી મેસેજ કરવામાં આવ્યો હતો કે તમે તમારા બાળકને ઘરે પરત લઈ જાઓ. જેથી અમે તાત્કાલિક બાળકને ઘરે પરત લઈ જવા માટે પહોંચ્યા હતા. સ્કૂલે આવ્યા ત્યારે ખબર પડી કે બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો મેલ સ્કૂલને મળ્યો છે. સ્કૂલ જેવી સંસ્થાને જ જો ટાર્ગેટ કરતા હોય તો ચિંતા થતી હોય છે. ઘરમાં હોઈએ કે બહાર હોઈએ આ પ્રકારનો મેસેજ મળે તો બાળકની ચિંતા તો થાય જ.

સ્કૂલના તમામ વિદ્યાર્થીઓને એક બાદ એક ઘરે પરત મોકલવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી ૮૦૦ વિદ્યાર્થીઓને ઘરે પરત મોકલી દેવામાં આવ્યા છે. હજુ એક હજાર જેટલા વિદ્યાર્થીઓ છે જેમણે પણ ઘરે પરત મોકલવામાં આવી રહ્યા છે.

ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને કેમ્પસમાં બેસાડીને વાલીઓ આવે તે રીતે ઘરે પરત મોકલવામાં આવી રહ્યા છે.વેજલપુરની ઝાયડસ સ્કૂલ ખાતે પોલીસ અને ફાયરની ટીમ પહોંચી છે સાથે જ એમ્બ્યુલન્સને પણ બોલાવવામાં આવી છે. ફાયરની ચાર ગાડી અને ચાર રેસક્યુ વાન સ્કૂલ પર પહોંચી છે. સ્કૂલમાંથી તમામ વિદ્યાર્થીઓને રજા આપીને ઘરે મોકલી દેવામાં આવ્યા છે. સ્કૂલના ૫૦ મીટર દૂરથી સ્કૂલ તરફ આવતો રસ્તો લોકોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ અલગ અલગ સ્કૂલે જવાના રવાના થઈ ગઈ છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્કૂલને રજા આપી દેવા શાળાઓને આદેશ આપવામાં આવ્યો છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી પણ અગ્રસેન સ્કૂલ જઈ રહ્યા છે.

# રાજકોટ હાઈવેનું રૂ.૧૯૩ કરોડના ખર્ચે નવીનીકરણ મંત્રી બાવળીયા



જસદણ,તા.૧૭

જસદણ વિસ્તારના કાર્યદક્ષ ધારાસભ્ય અને કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રાજકોટ-ભાવનગર રસ્તો રી-સર્ફેસ કરવા મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરેલ જેને ધ્યાને લઇ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજકોટ તથા ભાવનગર અને અમરેલી જીલ્લાને જોડતા રાજ્યનાં હાઈ સ્પીડ કોરીડોર નેટવર્કમાં સમાવિષ્ટ રાજકોટ - ભાવનગર રોડ (રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૫) પૈકી રાજકોટ થી આટકોટ સુધીના રસ્તાનાં મજબુતીકરણ, સી.સી. રોડ, રીસર્ફેસીંગ તથા રોડ ફર્નીચરની કામગીરી માટે રૂપિયા ૧૯૩ કરોડ ફાળવવાનો પ્રજાહિતમાં મહત્વનો નિર્ણય કર્યો છે.

આ રોડનાં મજબુતીકરણ તથા રીસર્ફેસીંગથી રાજયનાં મહત્વનાં જિલ્લા જેવા કે, રાજકોટ, અમરેલી તથા ભાવનગરનના રસ્તાનું જોડાણ સુગમભર્યું બનશે તથા ત્રણેય જિલ્લાના વાહનચાલકોને આરામદાયક તથા સુરક્ષિત અને સલામત વાહનવ્યવહાર પ્રાપ્ત થશે. આ કામગીરી પેટે રૂપિયા ૧૯૩ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે

જેમાં મુખ્યત્વે રાજકોટથી આટકોટ વચ્ચેની ૪૫.૯૦ કિ.મી. લંબાઈમાં ગામતળની લંબાઈમાં સી.સી. રોડ અને સ્ટોર્મ વોટર ડ્રેઈન, રોડનાં મજબૂતીકરણ અને રીસર્ફેસીંગ તેમજ રોડ ફર્નીચર કામનો સમાવેશ થાય છે.

# SIR , એર શો અને હવે વાઈબ્રન્ટ સમીટ : કોર્પો.ના ૨૦૦ અધિકારીઓ નવી ઈવેન્ટમાં રોકાઇ ગયા!

## હવે એક મહિના સુધી ૧૮ કમીટી રસ્તા, સફાઇ, બ્યુટીફીકેશનના કામોમાં લાગશે : ડે.કમિશનરથી માંડી વોર્ડ ઓફિસર્સને જવાબદારી : મહેમાનો રાજકોટની સારી છાપ લઇને જવા જોઇએ!

રાજકોટ તા.૧૭

રાજકોટમાં જાન્યુઆરીમાં રાજય સરકાર દ્વારા યોજાનારી વાઇબ્રન્ટ સમીટ માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા તંત્ર, પોલીસ અને મહાપાલિકા સહિતના તંત્રોએ આ સમીટમાં વડાપ્રધાન આવવાના હોય, અત્યારથી ધમધમાટ શરૂ કર્યો છે. જેના ભાગરૂપે મનપાના ૨૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને ફરજના હુકમ મ્યુનિ. કમિશનર દ્વારા કરી દેવામાં આવ્યા છે. ૧૮ સમિતિ ઉપરાંત જે તે વિભાગના વડા અને વોર્ડ ઓફિસરોને પણ કામગીરી સોંપવામાં આવતા હવે એક મહિનો વાઇબ્રન્ટ સમીટ મનપામાં પણ ગાજતી રહેશે તે નકકી છે.

વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ ગ્લોબલ સમીટ તરીકે યોજાવાની છે. દેશભરમાંથી અને વિદેશમાંથી પણ પ્રતિનિધિઓ અને ઉદ્યોગપતિઓ તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન રાજકોટ આવવાના છે. અન્ય રાજયો, વિદેશના ઉદ્યોગ સાહસિકો, વેપારી સંગઠનો, મહાનુભાવોની અવરજવર રાજકોટમાં રહેવાની હોય, સરકારની સુચનાથી મનપાએ રાજકોટને ચકચકાટ કરવાનું કામ શરૂ કર્યુ છે.

સરકારની સુચનાથી ખાસ સેટઅપ પણ ફાળવવામાં આવ્યું છે. જેમાં એરપોર્ટ ટુ એરપોર્ટ રૂટ અને ઓવરઓલ સુપરવિઝનનું કામ કલેકટર તંત્રના સંકલનમાં રહીને કરવા સંકલન સમિતિ બનાવવામાં આવી છે. ડે.કમિશ્નર એમ.એસ.જાનીના અધ્યક્ષસ્થાને સીટી ઇજનેર પી.ડી.અઢીયા, સહઅધ્યક્ષ, સભ્ય તરીકે એ.એમ.રાવલ, કે.કે.મહેતા, એમ.આર.શ્રીવાસ્તવ, પી.સી. સોલંકી, બી.આર.જાકાસણીયા, પી.જે. બારીયાની નિયુકિત કરાઇ છે. તેઓએ એરપોર્ટ થી એરપોર્ટના તમામ રસ્તાનું સમારકામ, બ્યુટીફીકેશન, સફાઇ, દબાણ હટાવના સુપરવિઝન કરવાના છે.

ઝોન કક્ષાની કામગીરીનું સુપરવિઝન અને સંકલન સમિતિ ઈસ્ટ ઝોનના ડે.કમિશનર પી.પી.પટેલના અધ્યક્ષ સ્થાને, વેસ્ટ ઝોનમાં સી.કે.નંદાણીના અધ્યક્ષસ્થાને, સેન્ટ્રલ ઝોનમાં એ.આર.પટેલના અધ્યક્ષસ્થાને કરાઇ છે. આ ઉપરાંત રેસકોર્સ બ્યુટીફીકેશન, અટલ સરોવર લાઇઝન અને વ્યવસ્થાપન સમિતિ, શહેરના સર્કલ અને અન્ય બ્યુટીફીકેશન વ્યવસ્થા સમિતિ, સ્વચ્છતા સમિતિ, પર્યટન ઝુ, રામવન, ગાંધી મ્યુઝીયમ વ્યવસ્થાપન સમિતિ બનાવવામાં આવી છે.

આ ઉપરાંત અસ્થાયી દબાણ હટાવવા દબાણ હટાવ વિભાગ, જાહેર માર્ગો પરના સ્થાયી બાંધકામો હટાવવા, ઝીરો લેવલ પાર્કિંગ, ચાલુ બાંધકામ સાઇટ પર ગ્રીન નેટ લગાવવાની જવાબદારી, ટીપીઓ અને ત્રણ ટાઉન પ્લાનરને સોંપવામાં આવી છે. ગાર્ડન શાખા, પ્રવાસન સ્થળ, એએનસીડી, સુપરવિઝન, સમારકામ માટે કમીટી બનાવવામાં આવી છે. પ્રેસ મીડિયા લગત કામગીરી પીઆરઓ બી.ટી.રાઠોડને સોંપવામાં આવી છે.

રાજકોટમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ પૂર જોશમાં ચાલુ કરી દેવામાં આવી છે. સરકારના આ કાર્યક્રમથી ઉદ્યોગોને ફાયદો થવાનો છે. પરંતુ દરેક સરકારી કાર્યક્રમોમાં મહાનગરપાલિકાના સ્ટાફનો વધુ ઉપયોગ થતો હોય છેલ્લા ઘણા સમયથી અનેક વિભાગોની કામગીરી ખોરવાઇ ગઇ છે. ચૂંટણી અને એર શોમાં વ્યસ્ત રહ્યા બાદ હવે વાઈબ્રન્ટ સમિટ માટે મનપાના ઉચ્ચ અધિકારીઓ સહિતના ૨૦૦ કર્મચારીઓને અલગ-અલગ જવાબદારી ફાળવી દેવાતા અનેક વિભાગોની રોજીંદી કામગીરી પર અસરની ચિંતા ઉભી થઇ છે.

પરંતુ સરકારની સૂચનાથી અધિકારીઓના નામજોગ ઓર્ડર કરી દેવામાં આવ્યા છે. તમામ વોર્ડ ઓફિસરને પણ કામગીરી સોંપી દેવામાં આવી છે. વિકસિત ભારત ૨૦૪૭ના દ્રષ્ટિકોણ સાથે સંલગ્ન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આગામી ૧૦ થી ૧૨મી જાન્યુઆરી દરમ્યાન મારવાડી યુનિવર્સિટી, મોરબી રોડ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

# કોલ્ડવેવ; બાળકો-વૃધ્ધોને બિનજરૂરી ઘર બહાર ન નીકળવા ગાઇડલાઇન જાહેર

## સરકારની સૂચનાથી આરોગ્ય વિભાગે માર્ગદર્શિકા બહાર પાડી : બાળકોને એકથી વધુ ગરમ કપડા પહેરાવો : ઉની કપડા અંદર પહેરવા જોઇએ : ચામડીના રોગ થવાનો પણ ભય

રાજકોટ : રાજકોટ સહિત પૂરા રાજયમાં હવે ઠંડીનો મોટો રાઉન્ડ શરૂ થવાના સંકેત છે ત્યારે આજથી જ ઠંડા પવનો સાથેની શીત લહેરનો અનુભવ લોકોએ શરૂ કર્યો છે. આ સંજોગોમાં ઠંડીથી બચવા રક્ષણાત્મક પગલા લેવા મહાપાલિકાની આરોગ્ય શાખાએ રાજ્ય સરકારની સુચનાથી માર્ગદર્શિકા જાહેર કરી છે. વિભાગ દ્વારા જાહેર જનતાને શીત લહેર સમયે લેવાના પગલા, બાળકોને રક્ષિત કરવા, દર્દીઓની ખાસ કાળજી લેવા, જુદા જુદા રોગનો ખતરો ઉભો થવા અંગે ચેતવણી આપવામાં આવી છે. તો કટોકટીના કિસ્સામાં, કોઈપણ દર્દીને નજીકના આરોગ્ય કેન્દ્ર લઈ જવા માટે નિશુલ્ક એમ્બ્યુલન્સ માટે નંબર ૧૦૮ (ટોલ ફ્રી) પર કોલ કરવા પણ અનુરોધ કર્યો છે.

મનપાના આરોગ્ય અધિકારીએ આજે જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ શીત લહેરના સમયે વૃધ્ધો અને બાળકોએ જરૂરી ન હોય તો ઠંડીમાં બહાર જવાનું ટાળવું જોઇએ. પુરતા ગરમ કપડાં પહેરી, હાથ-મોજા, પગરખાં, મોજાં, ટોપી અથવા



મફલરનો ઉપયોગ કરવો જોઇએ. આંખોને ઠંડીથી બચાવવા માટે બહાર નીકળતી વખતે ચશ્માનો ઉપયોગ કરવા, રૂમને ગરમ રાખવા માટે ઘરમાં હીટર, બ્લોઅર વગેરેનો ઉપયોગ કરતી વખતે સાવધાની અને તકેદારી રાખવા, શક્ય તેટલું ગરમ અને નવશેકું પાણી પીવો, ઠંડો ખોરાક ખાવાનું અને ઠંડા - પીણા ટાળવા, શરીરની રોગપ્રતિકારક શક્તિ જાળવી રાખવા માટે પુરતા પ્રમાણમાં પૌષ્ટિક ખોરાક લેવા, વિટામિન-સીથી ભરપુર ફળો અને શાકભાજી ખાઓ અને વધુ કેલરીવ-ાળા ખોરાકનું સેવન કરવું જરૂરી છે. ઠંડીમાં બાળકોનું ખાસ ધ્યાન રાખવા, ઠંડી હવાથી બચાવવા, બાળકોના માથા, ગળા, છાતી અને હાથ-પગને સારી રીતે ઢાંકીને રાખવા, બાળકોને એક થી વધારે ગરમ કપડાં પહેરાવવા, બાળકોનું શરીરનું તાપમાન તપાસતા રહેવા પણ સલાહ અપાઇ છે.

શીત લહેરમાં નાગરિકોને માધ્યમો દ્વારા મળતી માહિતી ચકાસતા રહેવા પણ જણાવાયું છે. શીત લહેર દરમિયાન વિવિધ પ્રકારના રોગોની શક્યતાઓ વધી જાય છે. ઉદાહરણ તરીકે ફ્લુ, શરદી, ઉધરસ વગેરેના લક્ષણો જોવા મળે તો સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ અથવા ડોક્ટરનો સંપર્ક કરવો જોઇએ. સાથે જ ચુસ્ત કપડાં ન પહેરવા અને લુઝ-ફિટિંગ અને સુતરાઉ કપડાં બહારની તરફ અને ઊની કપડાં અંદરની તરફ પહેરવા જણાવાયું છે.

શીત લહેર દરમિયાન શક્ય તેટલું ઘરની અંદર રહેવું જોઇએ. કોવિડ-૧૯ અને અન્ય શ્વસન સંબંધી ચેપથી બચવા માટે, બહાર જતી વખતે માસ્ક પહેરવા, ડાયાબિટીસ, હાઈ-બ્લડ પ્રેશર, શ્વસન સંબંધી રોગો જેવા ક્રોનિક રોગોવાળા દર્દીઓએ, વૃદ્ધ પુરુષો-મહિલાઓ જેમની ઉંમર ૬૫ વર્ષથી વધુ છે, ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, સગર્ભા સ્ત્રીઓ વગેરેની ખાસ કાળજી રાખવી જરૂરી છે. અતિશય ઠંડીમાં પર્યાપ્ત વેન્ટિલેશન હોય ત્યારે જ રૂમ હીટરનો ઉપયોગ સાવચેતીથી કરવા, કોલસા જેવા બળતણનો આ માટે ઉપયોગ ન કરવા, પાલતુ પ્રાણીઓને ઘરમાં રાખવા સલાહભર્યુ છે.

# ગીર સોમનાથ જિલ્લાની ૮૪ કોલેજો તમાકુ મુક્ત જાહેર

## તમામ ગામો સ્મોક ફ્રી વિલેજ બને એ માટે કાર્ય કરવા કલેકટરશ્રીની સૂચના



ગીર સોમનાથ ,તા.૧૭

જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય શાખા ગીર સોમનાથ દ્વારા તમાકુ મુક્ત યુવા અભિયાન ૩.૦ અંતર્ગત છેલ્લા ૬૮ દિવસમાં જિલ્લાને તમાકુ મુક્ત કરવા વ્યસન વિરોધી વિવિધ પ્રવૃત્તિ કરી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

કલેકટર એન.વી.ઉપાધ્યાય દ્વારા તમામ સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રીને આરોગ્ય વિભાગના સંકલનમાં રહી જિલ્લાના તમામ ગામો સ્મોક ફ્રી થાય તે માટે પત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. બરુઆ તથા એપિડેમિક મેડીકલ ઓફિસર શ્રી ડો દિવ્યેશ ગોસ્વામીના માર્ગદર્શન અને મોનીટરીંગ હેઠળ સોશ્યલ વર્કર દિપ્તી વ્યાસ દ્વારા અભિયાન અંતર્ગત જિલ્લામાં આવેલી ૮૪ કોલેજોમાં રૂબરૂ મુલાકાત લઈ ગાઈડલાઈન મુજબ મુલ્યાંકન કરી તમાકુ મુક્ત જાહેર કરવામાં આવી છે. જિલ્લામાં ઈંઘઝડ્અ ૨૦૦૩ એક્ટની સખત અમલવારી કરી ૬૪૫ કેસ કરી કુલ ૧૬,૬૪૦ દંડ વસૂલ કરી તમાકુની બનાવટના વેચાણ કરતા દુકાનદારોને કાયદાની સમજ આપવામાં આવી હતી અને જુદી જુદી જગ્યાએ બેનર, પોસ્ટર, પેમ્ફલેટ, શેરી નાટકો, મિટિંગો પણ યોજવામાં આવી હતી.સોશ્યલ મીડિયાના માધ્યમથી લોકોને તમાકુ થતા નુકશાન અંગે જાગૃતી લાવવા પ્રયાસ કરવામાં આવ્યો અને ૪૧૧ જેટલી શૈક્ષણિક સંસ્થાને કોમ્યુનીટી હેલ્થ ઓફિસરના સહયોગથી મૂલ્યાંકન કરાવી તમાકુ મુક્ત જાહેર કરવા કાર્યવાહી કરી હતી. આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના તમામ સમાજ અને પરિવારના સહયોગથી તમાકુના ઉપયોગને ઘટાડવા અને તેની હાનિકારક અસરોને દૂર કરવા માટે દૈનિક કાર્ય કરી એવું વાતાવરણ ઉભું કરવા માટે પ્રયત્ન થઈ રહ્યો છે.

જેમાં યુવાનો તમાકુની આદતને નકારે અને સ્વસ્થ જીવન જીવી શકે. આ અભિયાનમાં સહયોગ આપી ગીર સોમનાથ જિલ્લાને તમાકુ મુક્ત કરવા અપીલ કરવામાં આવી છે.

### અમદાવાદથી લંબાવેલી ટ્રેનો કેમ શરૂ થઈ નહીં? તેનું રહસ્ય મળ્યુ

# રાજકોટથી અમદાવાદ સુધી ટ્રેક અપગ્રેડેશન અધરૂ કામ પુર્ણ થતા ટ્રેનો ૧૨૫-૧૩૦ કિ.મી.ની ઝડપે દોડવા લાગશે

## ટ્રેનો રાજકોટથી અમદાવાદ માત્ર બેથી સવા કલાકમાં પહોંચશે નવી પ્રીમીયમ ટ્રેનો સાથે અમદાવાદથી ટ્રેનો લંબાઈ તેવી શકયતા હરિકૃષ્ણ જોષી

રાજકોટ : રાજકોટ-અમદાવાદ વચ્ચે ડબલ ટ્રેકની કામગીરી પૂર્ણ થઈ છે. અગાઉ રાજકોટ ખાતે કેન્દ્રીય કેબીનેટ રેલ્વે મંત્રી અશ્વિન વૈષ્ણવ દ્વારા અમદાવાદથી ઉપડતી ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવાની જાહેરાત બાદ એક પણ ટ્રેન અમદાવાદથી રાજકોટ સુધી નહીં લંબાતા આ બાબતે રાજકોટ રેલ્વે ડિવિઝનના રેલ્વે સલાહકાર સમિતિના પૂર્વ સભ્ય હરિકૃષ્ણ જોષીએ વખતોવખત રેલ્વે તંત્રને રજૂઆત કરી હતી આખરે તેઓને માહિતી સાંપડી હતી કે રાજકોટ-અમદાવાદ ડબલ ટ્રેકમાં ટ્રેક અપગ્રેડેશનની કામગીરીના પગલે અમદાવાદથી ટ્રેનો રાજકોટ સુધી લંબાઈ નથી.

રેલ્વે સલાહકાર સમિતિનાં પૂર્વ સભ્ય હરિકૃષ્ણ જોષીના જણાવ્યા પ્રમાણે રાજકોટ- અમદાવાદ ડબલ ટ્રેક અપગ્રેડેશનમાં અમદાવાદથી વિરમગામ સુધી ટ્રેક અપગ્રેડેશન થઈ ચુકયો છે. હાલ સુરેન્દ્રનગર-વિરમગામ વચ્ચે કામ શરૂ છે જેનું કામ બે માસથી શરૂ છે જે કામ છ માસમાં પુરો થવાનો અંદાજ છે. આ



કામ પૂર્ણ થતા જ રાજકોટ-અમદાવાદ વચ્ચે ૧૨૫-૧૩૦ કિ.મી.ની ઝડપે ટ્રેનો દોડતી થશે પરિણામે બેથી સવા બે કલાકમાં રાજકોટથી અમદાવાદ પહોંચી શકાશે.

વધુમાં ટ્રેક અપગ્રેડેશન કામ પૂર્ણ થતા અમદાવાદથી જે ૬થી ૮ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવાની જાહેરાત થઈ હતી તે કદાચ અમલી બનશે સાથે નવી પ્રીમીયમ ટ્રેનો મળે તેવી શકયતા નકારી શકાય નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ અમદાવાદ વચ્ચેના ડબલ ટ્રેકમાં હાલ ૯૦ કિ.મી.ની સ્પીડે ટ્રેનો દોડી રહી છે. આ ટ્રેકનું અપગ્રેડેશન થતા ટ્રેનો ૧૨૫-૧૩૦ કિ.મી.ની ઝડપે દોડવા લાગશે.

અમદાવાદ-મુંબઈ વચ્ચે હાલ ૧૩૦ કિ.મી.ની ઝડપે દોડતી ટ્રેનોની ગતિમાં મુખ્ય જમા પાસુ રેલ્વે ટ્રેકનું છે. બ્રોડગેજ લાઈનનાં ટ્રેકમાં એક ખાસ પ્રકારનો મોટા પહોળી સાઈઝના પાટા હોય છે જે હાલની બ્રોડગેજ લાઈનની સરખામણીએ ટ્રેનની ગતિમાં વધારો થતો હોવાથી ટ્રેનની સ્પીડ વધુ ગતિશીલ બને છે હાલ રાજકોટ-અમદાવાદ વચ્ચે આ પ્રકારના ટ્રક અપગ્રેડેશનનું કામ ચાલી રહ્યું છે જે અમદાવાદ-વિરમગામ સુધી પૂર્ણ થયું છે. સુરેન્દ્રનગર વિરમગામ વચ્ચે કામ ચાલી રહ્યું છે.

આ ટ્રેક અપગ્રેડેશનથી ટ્રેનોની ગતિ વધારો, વધુ શકિતશાળી એન્જીન (પાવર), સાથે ઓટોમેટીક સીગ્નલ વ્યવસ્થા થતા ટ્રેનોને અવરોધ નડતો નથી આ પ્રકારના ટ્રેકમાં ટ્રેન ૧૨૫-૧૩૦ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. આગામી છ માસ બાદ રાજકોટ-અમદાવાદ વચ્ચે ટ્રેક અપગ્રેડેશનનું કામ પૂર્ં થતા ટ્રેનો વધુ ગતિશીલ બને તેવી સંભાવના છે. તેવું આધારભૂત સુત્રોનું માનવું છે.

# રાજકોટ-પોરબંદર-વેરાવળ રૂટની કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર

## નવી સમયસારણી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫થી લાગુ થશે

રાજકોટ : મુસાફરોની સુવિધા અને ટ્રેનોની સમયપાલન ક્ષમતા માં સુધારો કરવાના હેતુથી પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન સંબંધિત કેટલીક ટ્રેનોના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારેલી સમયસારણી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ થી અમલમાં આવશે.


રાજકોટ-પોરબંદર લોકલ ટ્રેનના રાજકોટથી ઉપડવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે તેમજ માર્ગના વિવિધ સ્ટેશનો પર આગમન/પ્રસ્થાનના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. પોરબંદર પહોંચવાનો સમય યથાવત રહેશે. આ ટ્રેન રાજકોટથી ૦૮.૩૫ કલાકને બદલે ૦૮.૫૦ કલાકે ઉપડશે. ટ્રેન નંબર ૫૯૪૨૨ વેરાવળ-રાજકોટ લોકલ ટ્રેનના વેરાવળથી રીબડા સ્ટેશન સુધીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. માત્ર ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે.આ ટ્રેનનો ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૯.૧૭/૦૯.૧૮ ને બદલે ૦૯.૦૪/૦૯.૦૬ કલાક રહેશે. ટ્રેન નંબર ૧૯૨૦૭ પોરબંદર-રાજકોટ ટ્રેનના વેરાવળથી ગોંડલ સુધીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભક્તિનગર સ્ટેશન પર સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેનનો ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૧૦.૦૦/૧૦.૦૧ ને બદલે ૦૯.૫૦/૦૯.૫૨ કલાક રહેશે.

ટ્રેન નંબર ૫૯૪૨૩ રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેનના રાજકોટથી ઉપડવાના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે અને ભક્તિનગર સ્ટેશન પર સુધારેલો સમય લાગુ થશે. આગળ વેરાવળ સુધીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન રાજકોટથી ૦૮.૦૦ કલાકને બદલે ૦૭.૫૫ કલાકે ઉપડશે. આ ટ્રેનનો ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૮.૧૨/૦૮.૧૪ ને બદલે ૦૮.૦૭/૦૮.૦૯ કલાક રહેશે.રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# પોરબંદર જિલ્લામાં ખાસ સઘન મતદાર યાદી સુધારણા ઝુંબેશનો પ્રથમ તબક્કો પૂર્ણ અંગે મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારી/ જિલ્લા કલેક્ટર અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ

## ૧૯ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ થશે, હક-દાવા-વાંધા માટે ૧૯/૧૨/૨૦૨૫થી ૧૮/૧/૨૦૨૬ સુધી તક

ગોસા(ઘેડ) : ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧૨ રાજ્યોમાં જાહેર કરાયેલી ખાસ મતદાર યાદી માટેની ખાસ સઘન સુધારણા ઝુંબેશમાં ગુજરાત રાજ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ અંતર્ગત પોરબંદર જિલ્લામાં પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થવાના અનુસંધાને આજે મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેક્ટર એસ.ડી. ધાનાણીની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કલેક્ટર એસ.ડી. ધાનાણીએ જણાવ્યું હતું કે ખાસ સઘન સુધારણા ઝુંબેશની પ્રથમ તબક્કાની કામગીરી તા.૧૪/૧૨/૨૦૨૫ના રોજ પૂર્ણ કરવામાં આવી છે. તેના અનુસંધાને આગામી તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ પ્રથમ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ત્યારબાદ તા.૧૯/૧૨/૨૦૨૫થી તા.૧૮/૧/૨૦૨૬ દરમિયાન મતદારોને હક, દાવા અને વાંધા રજૂ કરવાની તક આપવામાં આવશે. તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૧૭/૨/૨૦૨૬ના રોજ મતદાર યાદીની અંતિમ પ્રસિદ્ધિ કરવામાં આવશે.જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું



હતું કે પોરબંદર જિલ્લામાં કુલ ૫,૦૧,૭૪૩ મતદારો નોંધાયેલા છે, જેમાંથી ૪,૩૪,૯૨૪ મતદારોના જરૂરી આધાર પુરાવા સાથેના ગણતરી ફોર્મ પરત મળ્યા છે. જ્યારે ૨૦૦૨ની મતદાર યાદીમાં મેપિંગ ન થયેલા ૨૮,૧૩૩ મતદારો નોંધાયા છે. આ તમામ મતદારોને બીજા તબક્કાની કામગીરી દરમિયાન મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટિસ આપી જરૂરી આધાર પુરાવા રજૂ કરવા માટે જાણ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થનાર ડ્રાફ્ટ મતદાર યાદીમાં આ ૨૮,૧૩૩ મતદારોના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ સુનાવણી દરમિયાન જો તેઓ જરૂરી આધાર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહેશે, તો તેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. પ્રથમ તબક્કાની કામગીરી દરમિયાન ૬૬,૮૧૯ મતદારોના ફોર્મ મૃત્યુ, કાયમી સ્થળાંતર, હાજર ન મળવા સહિતના વિવિધ કારણોસર પરત મળ્યા નથી. આવા મતદારોના નામ પ્રથમ ડ્રાફ્ટ મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા નથી.

આ તમામ વિગતો જિલ્લા ચૂંટણી અધિકારીની વેબસાઈટ, મુખ્ય નિર્વાચન અધિકારી ()ની વેબસાઈટ તેમજ રાજકીય પક્ષોને બુથવાઇઝ યાદી સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જો આ પૈકી કોઈ મતદાર પોતાનું નામ મતદાર યાદીમાં ચાલુ રાખવા ઈચ્છતો હોય, તો તેઓ બીજા તબક્કા દરમિયાન અરજી, હક કે વાંધા રજૂ કરી શકશે. જિલ્લા કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ૨૦૦૨ની મતદાર યાદીમાં મેપિંગ ન થયેલા મતદારો તેમજ મૃત્યુ, કાયમી સ્થળાંતર કે હાજર ન મળેલા મતદારોને તા.૧૯/૧૨/૨૦૨૫થી તા.૧૮/૧/૨૦૨૬ સુધી આધાર પુરાવા રજૂ કરવાની અને સાંભળવાની સંપૂર્ણ તક આપવામાં આવશે. સાથે જ, બીજા તબક્કાની કામગીરી દરમિયાન તા.૧/૧/૨૦૨૬ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાનો પણ પોતાના નામ મતદાર યાદીમાં નોંધાવી શકશે.

### રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટ પૂર્વે અસામાજિક તત્વોનું કૃત્ય

# બે મહિનામાં બે વાર મોદીના ફોટા પર શાહી લગાવાઈ

## વડાપ્રધાનના ફોટા પર શાહી લાગેલું પોસ્ટર તાત્કાલિક હટાવાયું







રાજકોટ,તા.૧૭

રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટ પૂર્વે અસામાજિક તત્વોનું કૃત્ય; રાજકોટઃ રાજકોટમાં આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનાર સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધારવાના છે, તે પૂર્વે ચૌધરી હાઈસ્કૂલ ચોક પાસે 'જાગો ગ્રાહક જાગો'ના પોસ્ટરમાં પીએમ મોદીના ફોટા પર શાહી લગાવવાની ઘટના સામે આવી હતી. દિવ્ય ભાસ્કર ડિજિટલ દ્વારા આ બાબત ધ્યાને આવતા કોર્પોરેશન દ્વારા તાત્કાલિક પોસ્ટર હટાવી દેવામાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા બે મહિનામાં બે વાર પીએમ મોદીના ફોટા પર શાહી લગાવવાની ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. અગાઉ ૧૫ ઓક્ટોબરે ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા રાજકોટની મુલાકાતે આવ્યા હતા ત્યારે બહુમાળી ચોક નજીક લગાવવામાં આવેલા એક બેનરમાં વડાપ્રધાન મોદીના ફોટા પર અજાણ્યા શખસે કાળી શાહી લગાવી હતી.



### એક વર્ષથી સ્થગિત કરાયેલા નિર્ણય હવે અમલમાં મુકવા તૈયારી

# નવી સુધારેલી જંત્રી આગામી માસથી અમલમાં લાવવા તૈયારી

રાજકોટ,તા.૧૭

ગુજરાતમાં જમીનના સરકારી ભાવ નિશ્ચિત કરતી જંત્રીમાં કરવામાં આવેલા નવી આકારણી બાદ ઉંચા દરની જંત્રીના સમય શરૂ થતા જબરો વિરોધ સર્જાયો હતો અને તેનાથી સરકારે તે સમય મુલત્વી રાખ્યો હતો તેઓ એક વર્ષ પુર્વે જીલ્લા તંત્ર મારફત જંત્રી આકારણીમાં સુધારા વધારા થયા બાદ તોજ સંકલીત નવી સુધારેલી જંત્રીની દમદાર ફાઈલ આખરી નિર્ણય માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પાસે મુકવામાં આવી હતી.

તેમાં હવે આગળ વધવા નિર્ણય લેવાઈ ગયો છે અને સુધારેલા જંત્રી દર આગામી માસથી અમલમાં મુકવામાં આવે તેવા સંકેત છે. રાજય સરકારે અગાઉ જંત્રીદર ડબલ કરી દીધા હતા જે સામે અત્યંત વિરોધ થતા જ તેનો અમલ સ્થગીત કરાયો હતો અને બાદમાં દરેક જીલ્લા તંત્રને જે કંઈ રજુઆત આવી હોય કે કોઈ વિસંવાદીતા હોય તે દુર કરીને સુધારેલા દર સાથે નવેસરથી જંત્રી દરનો રિપોર્ટ આપવા જણાવાયુ હતું જે પ્રક્રિયા પણ લાંબા સમયથી પુરી થઈ ગઈ છે તો છેલ્લા એક વર્ષમાં જમીનના ભાવમાં પણ મોટા ફેરફાર થયા છે.ખાસ કરીને રાજયમાં વાઈબ્રન્ટ ગુજરાત કોમનવેલ્થ વિ.ના કારણે વધુ ઉદ્યોગો વધુ સારુ ઈન્ફ્રાસ્ટ્રકચર આપી રહ્યું છે તેથી નવી જંત્રીમાં તે સ્થિતિનું પ્રતિબિંબ પણ પડશે અને કેટલાક શહેરી ક્ષેત્રોમાં જંત્રી દર અત્યંત ઉંચા પણ નિશ્ચિત થઈ શકે છે પણ હવે સરકાર અને ખાસ કરીને મહેસુલ વિભાગ સંભાળતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ વધુ સમય દ્વીધાભરી સ્થિતિ નહી રાખવા નિર્ણય કર્યો છે.

એક વખત નવી સુધારેલી જંત્રી અમલમાં મુકાશે એટલે ફરી એક વખત જમીનના ભાવ વધી જશે તે નિશ્ચિત છે પણ લાંબાગાળા સુધી અનિશ્ચિતતાની સ્થિતિ રાખવી તે મહત્વના રીયલ એસ્ટેટ ક્ષેત્રને માટે પણ નકારાત્મક બની શકે છે અને જયારે હવે ઈન્ફ્રાસ્ટ્રકચરના મોટા પ્રોજેકટ હાથ ધરવાના છે તે સમયે આ પ્રકારની અનિશ્ચિતતા યોગ્ય નથી. નવી સુધારેલી જંત્રી આગામી બજેટ પુર્વે અમલમાં આવી જશે.તેમાં ખાસ કરીને બાંધકામના પ્રકાર, ખુલ્લા પ્લોટ, આરસીસી સ્ટ્રકચર, વજન આધારિત સ્ટ્રકચર તથા ઔદ્યોગીક એડ વિ અંગે ખાસ જોગવાઈ હશે. આ ઉપરાંત મહાપાલિકાની હદ મર્યાદા, અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી, નગરપાલિકા, સ્પેશ્યલ ઈન્ડસ્ટ્રીયલ રીજયોન અને અન્ય જાહેર થયેલા ઝોન પણ નવા દરમાં ખાસ મહત્વ ધરાવતા હશે.

શહેરી ઓથોરિટીની બહારના ગ્રામીણ ક્ષેત્રો માટે પણ ત્યાં વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર વિ.ની દ્રષ્ટિએ ભાવ નકકી થશે. જુની ઈમારતોમાં તેના એરિયાની બજાર કિંમત કાર્પેટ એરિયા બિલ્ટઅપ એરિયા બેઝમેન્ટ અને ફલોટના આધારે ભાવ નકકી થશે.

કોમર્શિયલ ઝોન, મિલ્કતો આસપાસના ખાલી પ્લોટ, કાર પાર્કીંગ, કૃષી જમીનને બિનખેતીમાં ફેરવવા અને શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓ, ધર્મશાળા, હોટેલો, હોસ્ટેલ વિ. શહેરી-ગ્રામીણ ક્ષેત્રમાં સ્થિત છે તે મુજબ ભાવ નકકી થશે.

**સરકાર સમક્ષ થયેલી રજુઆતો ઉપરાંત ગુજરાતમાં વિકાસની નવી વાસ્તવિકતામાં કોમનવેલ્થ સહિતના લાંબાગાળાના આયોજનોને ખ્યાલમાં રાખી સુધારેલી જંત્રી અમલી બનશે**

# યાર્ડમાં આવક થોડી ધીમી પડી : ૧.૯૦ લાખ મણ મગફળી ઠલવાઈ

## કપાસ જેવી અન્ય ચીજોમાં પણ આવક પ્રમાણમાં ઓછી





રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હજુ ખરિફ સિઝનનો ધમધમાટ યથાવત રહ્યો છે છતાં હવે આવકો ધીમી પડતી હોય તેવા સંકેત ઉપસ્યા હતા. રાજકોટ યાર્ડમાં ચાલુ મહિને બે વખત બે લાખ મણથી વધુની આવક નોંધાયા બાદ આજે ફરી દરવાજા ખોલવામાં આવતા ૧.૯૦ લાખ મણનો માલ ઠલવાયો હતો. હરરાજીમાં ૧૨૦૦ થી ૧૨૭૫ના ભાવ પડયા હતા. મગફળી સિવાય કપાસની આવક ૧૧૦૦૦ મણ હતી જે છેલ્લા કેટલાંક દિવસોથી ૨૫-૩૦ હજાર મણ થતી હતી. સોયાબીનની આવક ૩૮૦૦ મણ, ઘઉંની ૪૦૦૦ મણ ચણાની ૬૦૦૦ મણ, લસણની ૨૪૦૦ મણ, અડદની ૩૨૦૦ મણ, મગની ૪૨૦૦ મણ, તલની ૩૫૦૦ મણ તથા જીરૂની આવક ૨૭૦૦ મણ થઈ હતી.

# બ્રીજ, પોલ સહિતની મનપાની મિલ્કતો પરથી કેબલ વાયરો ઉતારી લેવા આદેશ

## બ્રોડબેન્ડ સહિતના નેટવર્કના વાયર હટાવવા ચાર દિવસની મુદ્દત



રાજકોટ, તા. ૧૭

આવતા મહિને વાઈબ્રન્ટ સમીટમાં ભાગ લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ આવવાના છે ત્યારે રાજકોટમાં બ્રીજ, પોલ, હોર્ડિંગ, અન્ય બિલ્ડીંગો પર કંપનીઓએ લગાવેલા બ્રોડબેન્ડ સહિતના વાયરો ચાર દિવસમાં દુર કરી લેવા મહાપાલિકાએ મુદત આપી છે. આ બાદ કોર્પો. તમામ વાયરો કટ કરી નાંખશે તેવી ચેતવણી આપી છે.

મનપાના એન્ક્રોચમેન્ટ ઓફિસર અને રોશની એડી.સીટી એન્જી.એ જાહેર કર્યુ છે કે, મહાનગરપાલિકાની પ્રિમાઈસીસ ઉપર લગાવેલા કેબલ નેટવર્કના વાયરો, બ્રોડબેન્ડ નેટવર્કના વાયરો, ટેલીવિઝનના વાયરો સહીત અન્ય કોઈપણ પ્રકારના વાયરો ચાર દિવસમાં દુર કરવા જે-તે એજન્સીને સુચના આપવામાં આવી છે. જો જે-તે એજન્સી દ્વારા સમયમર્યાદામાં જાતે આવે તો કોર્પો. દ્વારા આ પ્રકારના તમામ વાયરો દુર કરવાની કાર્યવાહી કરાશે. મહાનગરપાલિકાની પ્રિમાઈસીસ જેવી કે, શહેરમાં આવતા તમામ ઓવરબ્રિજ, અન્ડરબ્રિજ, પોલ, હોર્ડીંગ્સ વિગેરે જેવી પ્રિમાઈસીસમાં જે-તે કેબલ નેટવર્ક એજન્સી, ટેલિવીઝન નેટવર્ક, બ્રોડબેન્ડ નેટવર્ક એજન્સીને મુદત અપાઈ છે. ચાર દિવસ બાદ કોર્પો. આવા વાયર હટાવવાનું શરૂ કરશે તેમ વિભાગોએ જણાવ્યું છે.

# આજી-ન્યારીમાં જાન્યુઆરીથી સૌનીના પાણી જોઈશે : સરકારને પત્ર

## રોજ ૨૦ મીનીટ પાણી માટે તત્કાલ ૫૫૦ એમસીએફટીની જરૂર : આવતા ચોમાસા સુધીમાં કુલ ૩૧૫૦ એમસીએફટી જળ જથ્થો ફાળવવા મનપાની રજુઆત



રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં શિયાળો જામવાની તૈયારીમાં છે ત્યારે દર વર્ષની જેમ નવા કેલેન્ડર વર્ષથી મહાનગરના લોકો માટે સૌની યોજનાના પાણીની જરૂર આવી ગઈ છે. મહાપાલિકાએ તાજેતરમાં સિંચાઈ વિભાગ (સૌની યોજના)ને પત્ર લખીને શહેરમાં રોજ ૨૦ મીનીટ પાણી વિતરણ કરવા આજી અને ન્યારી ડેમમાં તા.૧-૧-૨૬થી ચોમાસા સુધી તબકકાવાર ૩૧૫૦ એમસીએફટી પાણી આપવાની માંગણી રજુ કરી છે. બંને ડેમો છલકાવવા છતાં હવે વર્ષમાં ત્રણ વખત સૌનીનું પાણી જોઈએ છે તે ઉલ્લેખનીય છે. મહાપાલિકાએ લખેલા પત્રમાં જણાવ્યું છે કે, હાલ રાજકોટ શહેરની પાણીની દૈનિક ૨૦ મીનીટ પાણી વિતરણ માટે રો-વોટરની કુલ જરૂરીયાત ૪૫૦ એમએલડી છે. તે પૈકી ૧૩૫ એમએલડી જીડબલ્યુઆઈએલ મારફત નર્મદા પાઈપલાઈન યોજના દ્વારા મેળવવામાં આવે છે, અને ૩૧૫ એમએલડી ઉક્ત સ્થાનિક જળાશયોમાંથી મેળવવામાં આવે છે. પરંતુ આજી-૧ અને ન્યારી-૧ ડેમાં ૧૫ જાન્યુઆરી સુધી ચાલે એટલો પાણી જથ્થો હોવાથી ફરી વખત સરકાર પાસે દર વર્ષની જેમ જાન્યુઆરીથી બંને ડેમમાં ૫૫૦ એમસીએફટી નર્મદા નીર ઠલવવાની માંગણી કરવામાં આવી છે.

૨૯ ફુટના આજી-૧ ડેમ ખાતે ૮૬૨.૫૬ એમ.સી.એફ.ટી. જળ જથ્થો ઉપલબ્ધ છે, જે હાલનાં ઉપાડ અનુસાર તા.૩૧-૧-૨૦૨૬નાં રોજ અંદાજે માત્ર ૨૮૪ એમ.સી.એફ.ટી. રહેશે. જ્યારે ૨૫ ફુટના ન્યારી-૧ ડેમમાં ૯૯૫.૦૯ એમ.સી.એફ.ટી. જળ જથ્થો ઉપલબ્ધ છે, જે તા. ૩૧-૩-૨૦૨૬નાં રોજ અંદાજે માત્ર ૧૧૧ એમ.સી.એફ.ટી. હશે.

# તા.૨૫ના સ્વદેશી સાઈક્લોથોન, તા. ૨૮ના સ્વદેશી રન

## લોકલ ફોર વોકલને પ્રાધાન્ય આપવા મહાપાલિકાનું આયોજન : રજીસ્ટ્રેશન શરૂ




રાજકોટ, તા. ૧૭

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશ્યથી સ્થાનિક ઉત્પાદનો, સેવાઓ, કલાકૃતિઓ, આર્ટિફેક્ટ્સ તેમજ અન્ય સ્વદેશી ઉત્પાદકોને પ્રોત્સાહન આપી લોકલ ફોર વોકલની વિભાવનાને પ્રાધાન્ય આપી, ૨૦૪૭ના વિકસીત ભારત અને મેક ઈન ઈન્ડિયા, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ જેવી પહેલને આગળ વધારવા રાજકોટ મહાપાલિકા દ્વારા તા.૨૫ ગુરૂવારના રોજ સ્વદેશી સાઈક્લોથોન અને તા.૨૮ને રવિવાર રોજ સ્વદેશી રનનું આયોજન કરવામાં આવેલ છે.

સ્વદેશી સાઈક્લોથોન અને સ્વદેશી રન રાજકોટ શહેરના નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા, પરંપરાગત વાનગીઓ અને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાનો અનોખો પ્રયત્ન છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક શહેરીજનો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન આજથી શરૂ કરવામાં આવ્યું છે.

સાયકલોથોન પાંચ કિ.મી.ની સાયકલોથોનમાં તા. ૨૫ના સવારે ૬.૩૦ કલાકે બહુમાળી ચોકથી શરૂ થઈ રેસકોર્સ, જિલ્લા પંચાયત ચોક, યાજ્ઞિક રોડ, ડી.એચ.કોલેજ, મ્યુનિ. કમિશ્નર બંગલો, વિરાણી હાઈસ્કુલ, ટાગોર રોડ, એસ્ટ્રોન ચોક, મહિલા કોલેજ ચોક, કિસાનપરા, મેયર બંગલો, પોલીસ હેડ કવાર્ટર, સરદાર પટેલની પ્રતિમા બહુમાળી ચોક ખાતે પૂર્ણ થશે. ફ્રી રજીસ્ટ્રેશન સાથે ઓનલાઈન રજીસ્ટ્રેશન, જાતે સાયકલ લાવવા, ૧૨ વર્ષથી નીચેના રજીસ્ટ્રેશન નહીં થાય તેવું જણાવાયું છે.

ડ્રો મારફત લકકી પાંચ વિજેતાને ઈનામમાં સાયકલ આપવામાં આવશે. સ્વદેશી રન તા. ૨૮ના રવિવારે સવારે ૬.૩૦ કલાકે ઉપરોકત રૂટ પર જ સ્વદેશી રન આ તમામ નિયમો સાથે યોજાશે. તેમાં પણ પાંચ વ્યકિતને લકકી ડ્રોના આધારે ભેટ આપવામાં આવશે.

આ સાયકલોથોન અને સ્વદેશી રનમાં જોડાવા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, ઈ.ચા. કમિશનર ડો. ઓમ પ્રકાશ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ લોકોને અનુરોધ કર્યો છે.

### મોંઘવારીનો હવે વધુ એકમાર

# ગુજરાતના વાહન ધારકોને હવે PUC માટે વધુ રકમ ભરવી પડશે

## આઠ વર્ષ બાદ વાહન વ્યવહાર વિભાગે રૂા.૧૦ થી ૫૦નો વધારો મંજૂર કર્યો

ગાંધીનગર,તા.૧૭

રાજ્યમાં વાહનો માટે ફરજિયાત પોલ્યુશન અન્ડર કંટ્રોલ સર્ટિફિકેટ (પીયુસી) મેળવવા હવે વાહન માલિકોને વધુ ખર્ચ સહન કરવો પડશે. ગુજરાત રાજ્યના વાહનવ્યવહાર વિભાગ દ્વારા પીયુસી ફીમાં રૂા.૧૦થી લઈને રૂ૫૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

લગભગ આઠ વર્ષ બાદ આ પ્રકારનો ભાવ વધારો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં કાર્યરત આશરે ૨૦૦૦ પીયુસી સેન્ટરોમાં હવે નવા દરનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. વાહનવ્યવહાર વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર નોટિફિકેશન જાહેર કરી દેવાયું છે. જેમાં ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, કાર તેમજ ડીઝલ અને હેવી મોટર વાહનો માટે પીયુસીના નવા દર નક્કી કરવામાં આવ્યા છે.

વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે કે પીયુસી સેન્ટરના સંચાલકો નિયત ફી સિવાય એક પણ રૂપિયા વધારાના વસૂલ કરી શકશે નહીં. નિયમ ભંગ થવાના કેસમાં આરટીઓ કચેરી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. નવા દર મુજબ ટુ-વ્હીલર માટે અગાઉ રૂ૩૦ વસૂલવામાં આવતા હતા, જેમાં રૂ૨૦નો વધારો કરીને હવે રૂ૫૦ લેવામાં આવશે. થ્રી-વ્હીલર માટે જૂનો દર રૂ૫૦ હતો, જે હવે રૂ૧૦ વધારીને રૂ૬૦ કરવામાં આવ્યો છે. કાર માટે અગાઉ રૂ૫૦ ફી હતી, જેમાં સીધો રૂ૮૦નો વધારો કરીને રૂ૧૩૦ કરવામાં આવ્યા છે.

# રાજયમાં શિત લહેરો વચ્ચે ઠંડીમાં વધઘટ

## સાત સ્થળોએ ૧૩ થી ૧૪ ડિગ્રી તાપમાન : ૧૦.૪ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડુ



રાજકોટ, તા. ૧૭

રાજકોટ સહિત અનેક સ્થળોએ આજે સવારે પણ શિત લહેરો વચ્ચે ઠંડીમાં વધઘટ જોવા મળી હતી. નલિયા, અમરેલી, વડોદરા, ડિસા અને રાજકોટમાં તાપમાનમાં આંશિક ઘટાડો થયો હતો. તે અમુક સ્થળે તાપમાન વધવા પામ્યું હતું.

આજે સવારે રાજકોટ શહેરમાં ૮ કિ.મી. પવન વચ્ચે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાવા પામ્યુ હતું. તો નલિયામાં બે ડિગ્રી તાપમાન નીચુ જવા સાથે ૧૦.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા ફરી તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. તેમજ પોરબંદરમાં ૧૩.૯, વેરાવળમાં ૧૮.૪, અમદાવાદમાં ૧૪.૭, સુરતમાં ૧૮.૧ તથા અમરેલીમાં ૧૨.૬, વડોદરામાં ૧૨.૨, ભાવનગરમાં ૧૫, ભુજમાં ૧૩.૮, દમણમાં ૧૬.૮ તેમજ દ્વારકામાં ૧૯.૪, ગાંધીનગરમાં ૧૩.૫, કંડલામાં ૧૫.૫ અને ઓખામાં ૨૦.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જામનગરમાં પણ એક રાતમાં લઘુતમ અને મહતમ પારામાં દોઢ ડિગ્રી સુધીની વધઘટ સાથે પવનનું જોર વધતા સર્વત્ર શિત લહેર ફરી વળી છે. આ સાથે માગસર મહિનામા પવનની ગતિ પ્રતિકલાક ૬.૩ રહેતા દિવસભર ટાઢોડાના કારણે લોકોએ ઠંડી સામે રક્ષણ મેળવવા ગરમ વસ્ત્ર અને તાપણાનો સહારો લીધો લેવો પડયો હતો.શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનનો પારો ૧.૫ ડિગ્રી વધીને ૧૬ ડિગ્રી નોંધાયો હતો.તો મહતમ તાપમાનમાં અડધા ડિગ્રીના વધારા સાથે ૩૦ ડિગ્રી પહોંચ્યો હતો.વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૫ ટકાના ઘટાડા સાથે ૬૬ ટકા રહ્યું હતું.તો પવનની ગતિમાં ૧કિમીના વધારા સાથે પ્રતિકલાક ૬.૩ કિમિ રહેતા સુસવાટા મારતા પવનથી ઠંડી વધુ રહી હતી.

જ્યારે ડિસેમ્બર માસના મધ્યમાં જ રાજ્યભરની સાથે સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ ઠંડીનું જોર વધવા લાગ્યું છે. છેલ્લાં એક સપ્તાહમાં ઠંડીનું પ્રમાણ રાજયભરમાં વધ્યુ છે. આગામી સપ્તાહમાં ઠંડીનો પારો વધુ ગગડશે અને ક્રિસમસના મીની વેકેશન દરમ્યાન ઠંડીનું જોર વધશે તેવી શકયતા હવામાન નિષ્ણાતોએ દર્શાવી છે તથા સોરઠ જીલ્લામાં છેલ્લા બે દિવસથી ઠંડીનું જોર વધી રહ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

### જેતપુરમાં શ્રમિકની હત્યાનો ભેદ ખુલ્યો

# ૨૦૦ રૂપીયાની ઉઘરાણી મામલે સાથે રહેતાં શખ્સે જ ગળે છરી ફેરવી દઈ કરપીણ હત્યા કરી 'તી

### ઉદ્યોગનગર પોલીસે ગણતરીની કલાકોમાં હત્યારા આશિષ અવસથી અને રામચંદ્ર નામના શખ્સોની ધરપકડ કરી

રાજકોટ. તા.૧૭

જેતપુરમાં પરપ્રાંતિય યુવાનની છરીના ઘા ઝીંકી કરાયેલ હત્યાનો ભેદ ઉકેલાયો હતો. યુપીના યુવાનને ૨૦૦ રૂપિયાની ઉઘરાણીમાં સાથે રહેતા શખ્સ સાથે ઝગડો થયાં બાદ માતા વિશે અપશબ્દો બોલવા બાબતે ઢીમ ઢાળી દેવાયું હતું. બાદમાં બે શખ્સોએ સાથે મળી લાશને બાઈક પર રાખી કેનાલમાં ફેંકી દીધી હતી. જે બનાવમાં પોલીસે બંને હત્યારાઓને દબોચી લઇ કાર્યવાહી આરંભી હતી.

બનાવ અંગે મૂળ યુપીના બાંદા જિલ્લાના વતની અને હાલ જેતપુરના નવાગઢમાં જય કૃષ્ણા હાઉસિંગ સોસાયટીમાં ભાડેથી રહેતા ૨૨ વર્ષીય યુવાન રણજીત શ્રીરામ કબીરદાસે તેના જ વતનના આશિષ અવસ્થી અને રામચંદ્રનું



નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી બંને શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે તેના શેઠ બિપીનભાઈની માતાની દેખરેખ રાખી કેરટેકર તરીકે નોકરી કરે છે. એક મોટા



ભાઇ સંજયકુમાર હતા જેનું ખૂન થઇ ગયેલ છે, તેમના લગ્ન થયેલ ન હતા. મોટાભાઇ જેતપુરના રબારીકા રોડ ઉપર આવેલ મારૂતીનંદન ફેલ્ટ પ્રોસેસીંગ નામના કાપડના કારખાનામાં કામ કરતા અને નવાગઢના પટેલ ચોક ખાતે અરવિંદભાઈ સગરના મકાનમાં ભાડેથી રહેતા હતા. તેની સાથે અમારા ગામના બાલેશ્વર મિશ્રા, તેનો સાળો આશિષ અવસ્થી અને રામચંદ્ર રહેતા હતા.


ગઈ તા. ૧૪ ના રવિવારના રાત્રીના આશરે દશેક વાગ્યે ભાઈ જે કારખાનામાં કામ કરતા હતા તેના ઠેકેદાર બાલેશ્વર મિશ્રાનો ફોન આવેલ કે, આશિષ અવસ્થી અને તારા ભાઈનો ઝઘડો થયેલ છે, તું જલ્દીથી તારા ભાઇના રૂમે જા, જેથી તે ભાઇના રૂમે ગયેલ ત્યારે ભાઇનું માથુ ફુટેલ હતું, તેને જમણી બાજુના નેણ ઉપર લાગેલ હોય જેથી લોહિ નિકળતુ હતુ. આશિષ અવસ્થીને રૂમમાં પુરી દિધેલ હતો.જેથી ભાઇને પુછેલ કે, શું થયુ ?તને કોણે માર્યું? તો ભાઈએ કહેલ કે, મને આશિષ અને રામચંદ્રએ મારેલ છે. તેવુ કહેતા ભાઈને જેતપુરની ખાનગી હોસ્પિટલમાં સારવારમાં લઇ જતા ત્યાં તબીબે સંજયને નેણ ઉપર ચાર ટાંકા લીધેલ હતા અને દવા આપેલ હતી. બાદ રાત્રીના સાડા અગીયારેક વાગ્યે ભાઈને તેના રૂમે સુવડાવી દિધેલ હતો.

# જેતપુરમાં જીવલેણ ચાઈનીઝ દોરીનું બેરોકટોક વેંચાણ : ૯૯ ફિરકી સાથે વેપારી ઝડપાયો

### પોલીસે ગણેશનગરમાં રહેતા શખ્સને પકડી રૂ.૨૮,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૧૭

ઉત્તરાયણ પર્વ નજીક આવતા જ લોકો અને પક્ષીઓ માટે જીવલેણ સાબીત થતી ચાઈનીઝ દોરી અને તુક્કલનું કેટલાક વેપારીઓ વેચાણ પણ કરી રહ્યા છે. જેને અટકાવવા માટે પોલીસ પ્રયત્નશીલ છે. દરમિયાન જેતપુર સિટી પોલીસ મથકના સ્ટાફે ચાઈનીઝ દોરીની ૯૯ ફીરકીઓ સાથે જેતપુરના ગણેશનગર વિસ્તારમાં રહેતા ધંધાર્થીને ઝડપી લઇ તેની સામે ગુનો



નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઇ.જી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ લેટન્ટન્ટના ઉત્પાદન વેચાણ અને ઉડાવવા પર તથા નાયલોન અને સિન્થેટિક પદાર્થથી કોટેડ કરેલ દોરીના વેચાણ અને ઉપયોગ પર મૂકવામાં આવેલા પ્રતિબંધની કડક અમલવારી કરવા સૂચના આપવામાં આવી હોય જેને લઇ જેતપુર ડિવાયએસપી આર.એ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર પીઆઇ એ.ડી. પરમારની રાહબરીમાં ટીમ દ્વારા તપાસ કરાવી રહી છે.

દરમિયાન પીએસઆઇ જી.બી.જાડેજા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે જેતપુર જુનાગઢ રોડ પર રેલવે ફાટક પાસે ગણેશનગરમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે હરસુખ અરજણભાઈ રાઠોડ (રહે. જુનાગઢ રોડ ગણેશનગર, જેતપુર)ને ઝડપી લીધો હતો. પોલીસે આ શખસ પાસેથી રૂપિયા ૨૮,૮૦૦ ની કિંમતની ચાઈનીઝ દોરીની ૯૯ ફીરકી કબજે કરી તેની સામે જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. .

# તારા માવતરેથી દેહેજ પેટે ૩ લાખ લઈ આવે પછી જ ઘરે આવજે કહી પરિણીતાને કાઢી મૂકી

### તારા માવતરે કરીયાવરમાં કંઇ આપ્યું નથી, અમારે મકાન લેવું છે, પહેલા પૈસા પછી તું કહી ત્રાસ હાલ પડધરી રહેતી પરિણીતાની ગોંડલમાં રહેતા પતિ સહિતના સાસરીયા સામે ફરિયાદ

રાજકોટ. તા.૧૭

હાલ પડધરી રહેતી અને ગોંડલમાં દેવપરા મેઇન રોડ પર સાસરું ધરાવતી પરિણીતાને પતિ સહિતના સાસરિયાઓ દ્વારા માવતરેથી દહેજમાં રૂપિયા ત્રણ લાખ લાવવાનું દબાણ કરી તેને ઘરેથી કાઢી મૂકી હતી.

જે અંગે પરિણીતાએ પડધરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે પરિણીતાના પતિ, સાસુ, જેઠાણી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે હાલ પડધરીમાં સતવારા શેરી વિસ્તારમાં માવતરના ઘરે રહેતી પરિણીતા સમીનાબેન (ઉ.વ. ૩૩ ) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોંડલમાં દેવપરા મેઇન રોડ તરકોસી કુવા પાસે જલારામ બેકરીની બાજુમાં નૂરવેલ એપાર્ટમેન્ટમાં રહેતા પતિ તૌસીફ અમીન કંડોળા, સાસુ અફસાનાબેન અમિનભાઈ કંડોળા, જેઠ આસિફભાઇ અમીનભાઈ કંડોળા અને જેઠાણી સીમાબેન આસિફભાઇના નામ આપ્યા છે. વધુમાં પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન થયાના બે મહિના બાદથી પતિ સહિતના સાસરિયાઓ દહેજ સહિતની બાબતે શારીરિક-




માનસિક ત્રાસ આપવા લાગ્યા હતા. પરંતુ તેણીને ઘર સંસાર ચલાવવો હોય જેથી તે આ મૂંગા મોઢે સહન કરતી હતી. સાસરીયાઓએ અવારનવાર દહેજ બાબતે પરિણીતાને હેરાન પરેશાન અને માથાકૂટ કરી ગાળો આપી હતી. ઉપયોગ દહેજ બાબતે સાસરીયાએ ઝઘડો કરી તારા માતા-પિતાએ તને દહેજ પેટે કરિયાવરમાં કંઈ આપ્યું નથી જેથી હવે તને ઘરમાં રહેવા દેવી નથી.

તું તારા માવતરના ઘરે જતી રહે અને તારા માવતરે જઈ તારા માતા-પિતાને કહેજે કે, પહેલા દહેજ પેટે રૂ. ૩ લાખ આપો અમારે બીજું મકાન લેવું છે અને આ દહેજના રૂપિયા લઈને તું અહીં ઘરે પાછી આવજે તેમ કહી ત્રણ લાખ દેહજની માંગણી કરી પરિણીતાને કાઢી મૂકી હતી.

### રાજકોટની ભાગોળે આવેલા ખોરાણા ગામની ઘટના

# નણંદ - ભોજાઈએ સજોડે ફિનાઈલ પી લીધું, આપઘાતનો પ્રયાસ : માતા - સાસુ સામે આક્ષેપ

### લોકઅપમાં પુરાવી દેવાની ધમકી આપ્યાનો આક્ષેપ : કુવાડવા રોડ પોલીસ દ્વારા તપાસ

રાજકોટ, તા.૧૭

રાજકોટની ભાગોળે આવેલા ખોરાણા ગામે નણંદ - ભોજાઈએ સજોડે ફિનાઈલ પી લીધું હતું અને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ બંને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમાં માતા - સાસુ સામે આક્ષેપ કરાયા છે.

મળતી વિગત અનુસાર, ગઈકાલે સાંજે ૫ વાગ્યાં આસપાસ રાજકોટ નજીક કુવાડવા તાબેના ખોરાણા ગામે નણંદ મનિષા વિજય



ચાવડા (ઉંમર વર્ષ ૩૫, રહે. વિરમગામ, જિ. અમદાવાદ) અને તેમના ભાભી વંદના સુનિલ સોલંકી (ઉંમર વર્ષ ૩૨, રહે. અમદાવાદ)એ ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બંનેને પ્રથમ કુવાડવા આરોગ્ય કેન્દ્ર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બંનેએ આક્ષેપ કર્યો છે કે,



ખોરાણામાં રહેતા નંદાબેન ઉમેશભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૬૦) ત્રાસ આપે છે. મનિષા નંદાબેનની પુત્રી છે. જ્યારે વંદના પુત્રવધુ છે.ખોટી રીતે કેસમાં ફીટ કરાવવાની અને લોકઅપમાં પુરાવી દેવાની ધમકીઓ આપતા હોવાથી નણંદ અને ભોજાઈએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો છે.

### પૂર્વ સાથી કર્મચારીના ભાઈએ આચરી દાદાગીરી

# 'તને પતાવી દેવો છે,' કહી ટ્રાવેલ્સની ઓફિસમાં નોકરી કરતાં યુવકને ધમકી

રાજકોટ,તા. ૧૭

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ ઓમ પ્રિયદર્શિની સોસાયટીમાં રહેતા ખંતીલભાઈ મહેશભાઈ ગોહિલ(ઉં.વ.૨૩)દ્વારા આજી ડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રવિ ગોસ્વામીનું નામ આપ્યું હતું.

ખંતીલભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તે ગોંડલ ચોકડી ખાતે આવેલ માતૃકૃપા ટ્રાવેલ્સમાં ચારેક વર્ષથી નોકરી કરે છે. રાજ ગોસ્વામીનો ભાઈ રવિ ગોસ્વામી તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, તને શેની હવા છે તારી સાથે લપ કરવાની થાય છે. તેમ કહીને ગાળો ભાંડતા સાથે નોકરી કરતા અન્ય મિત્રો પણ ત્યાં ભેગા થઇ ગયા હતા. ત્યારે જતા જતા



આ રવિ ગોસ્વામીએ કહ્યું કે, તને તો છરીના ઘોદા મારીને પતાવી જ દેવો છે. તેમ કહી ધમકી દેતા આ મામલે આજી ડેમ પોલીસ મથકમાં આરોપી સામે ગુનો નોંધી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ત્યકતાના ફોટો એડિટ કરી પૂર્વ પતિએ ઈન્સ્ટાગ્રામમાં વાયરલ કર્યા

### જેતપુર પંથકનો બનાવ ફોટા એડિટ કરી સાથે હિન્દી ગીત મૂકી બદનામ કરવાં કૃત્ય, પૂર્વ સાળાને ધમકી આપી : લાલપુર પંથકના શખ્સ વિરુદ્ધ વિરપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો

રાજકોટ.તા.૧૭

જેતપુરની ત્યક્તાના ઈન્સ્ટાગ્રામ પર ફોટો અપલોડ કરી વાયરલ કરનાર પૂર્વ પતિ સામે વિરપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. વારંવાર પૂર્વ પત્નીના ફોટો એડિટ કરી અલગ અલગ હિન્દી ગીતો સાથે ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કરનાર જામનગરના લાલપુર તાલુકાના શખ્સને ત્યક્તાના ભાઈએ આવું નહિ કરવા જણાવતા તેણે ધમકી આપી હતી.

બનાવ અંગે જેતપુર પંથકમાં રહેતી ૩૦ વર્ષીય ત્યક્તાએ વિરપુર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં




જણાવ્યું હતું કે, તેણી છુટક ખેત મજુરી કરી પરીવારનું ગુજરાન ચલાવુ છે. તેણીને સંતાનમાં એક આઠ વર્ષની દિકરી છે. મહિલાએ જણાવ્યું હતું કે, આશરે આઠેક વર્ષ પહેલા તેના લગ્ન જામનગરના લાલપુર ગામના યુવાન સાથે થયેલ હતા.

સાંસારીક જીવન દરમ્યાન સંતાનમાં એક દિકરીનો જન્મ થયેલ હતો. થોડા વર્ષો સુધી સાંસારીક જીવન સારી રીતે ચાલ્યા બાદ પતિ અવાર નવાર તેણી સાથે મારકુટ કરતા હોય જેના કારણે ઘર કંકાસ થતો હતો. છએક વર્ષ પહેલા પતિથી છુટાછુડા લઇ લીધેલ હતા. ત્યારબાદ તેણી પિયરમાં માતા-પિતાને ત્યાં દિકરી સાથે રહેવા લાગી હતી.

એક વર્ષ પહેલા તેણીને જેની સાથે છુટાછેડા થયેલ તે પૂર્વ પતિએ તેના ઈન્સ્ટાગ્રામ આઇડીમાં તેણીના ફોટાઓ રાખી તેમાં અલગ અલગ ગીતોનું એડીટીંગ કરી ઈન્સ્ટાગ્રામ ઉપર અપલોડ કરેલ હતા.

# ઓપરેશન મ્યુલ હન્ટ : સાયબર ફ્રોડના રૂ.૧૦.૧૧ લાખ સગેવગે કરનાર નવાગામનો હરીશ ઝડપાયો

### બેંક એકાઉન્ટ ખોલી સાયબર ફ્રોડના ગુનામાં જેલમાં રહેલ ચાંપરાજપુરના કેવલ સીતાપરાને આપ્યું તું, વિરપુર પોલીસે કબ્જો મેળવવા તજવીજ આદરી

રાજકોટ. તા.૧૭

ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત સાયબર ફ્રોડના રૂ.૧૦.૧૧ લાખ સગેવગે કરનાર નવગામના શખ્સને વિરપુર પોલીસે પકડી કાર્યવાહી કરી હતી. જ્યારેબેંક એકાઉન્ટ ખોલી સાયબર ફ્રોડના ગુનામાં જેલમાં રહેલ ચાંપરાજપુરના કેવલ સીતાપરાને આપ્યું હોવાનું ખુલતાં તેનો કબ્જો મેળવવા તજવીજ આદરી હતી.

તાજેતરમા સાયબર ફ્રોડથી મેળવેલ નાણા જે બેંક એકાઉન્ટમાં જમા થયેલ હોય જે અંગે ભારતસરકાર દ્વારા મ્યુલ બેંક એકાઉન્ટ ની માહીતી આવેલ હોય જે મામલે રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર જેતપુર ડીવીઝન ડીવાયએસપી સાયબર ક્રાઇમના બનતા ગુનાઓમાં વપરાતા ''મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ કરી સાયબર ફ્રોડ આચરતા ગુનેગારો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી વિરપુર પોલીસ મથકના પીઆઇ એસ.જી.રાઠોડ અને રાજકોટ રેન્જ સાઇબરની ટીમ દ્વારા ''મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની તાત્કાલીક પ્રાથમીક તપાસ કરવા SAMAN-VAYA પોર્ટલ તથા NCCRP પોર્ટલ તળે સાયબર ફ્રોડના ભોગબનનાર વ્યક્તિઓના બેંક



ટ્રાન્ઝેકશનોની પ્રાથમિક તપાસ આદરી હતી.જેમાં આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા માટે પુર્વ આયોજીત ગુનાહિત કાવતરુ રચી, સાયબર ફ્રોડથી મેળવેલ નાણા કુલ રૂ. ૧૦,૧૧,૬૭૯ ચેક, એટીએમ તથા આરટીજીએસથી સાયબર ફ્રોડના નાણા સગેવગે કરનાર હરીશ રમેશ વાગડીયા (રહે.નવાગામ, ગોંડલ) ને પકડી પાડ્યો હતો.

જ્યારે પકડાયેલ શખ્સ પાસેથી બેંક એકાઉન્ટ મેળવી રૂપીયા સગેવગે કરનાર કેવલ જેન્તી સીતાપરા (રહે. જેતપુર, રમેશ મીલની પાછળના વિસ્તારમાં, ચાંપરાજપુર ગામ જેતપુર) ને અગાઉ જેતપુર સીટી પોલીસે સાયબર ફ્રોડના ગુનામાં પકડેલા હોવાથી હાલ તે જેલમાં હોય જેથી તેનો કબ્જો મેળવવા પોલીસે તજવીજ આદરી છે.

# ચોટીલા પાસે હાઈવે રોડનું કામ કરતા સાયલાના શ્રમિકને ડમ્પરે હડફેટે લીધા સારવારમાં મોત

રાજકોટ, તા.૧૭

ચોટીલા પાસે હાઇવે રોડનું કામ કરતા સાયલાના શ્રમિક જીવાભાઈ ખરાડીને ડમ્પરે હડફેટે લીધા હતા. જેનું સારવારમાં મોત નીપજ્યું હતું. મૃતકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં દમ તોડ્યો હતો.

મળતી વિગત અનુસાર, જીવાભાઇ દીતાભાઇ ખરાડી (ઉંમર વર્ષ ૫૫ રહે.સાયલા, તા. ચોટીલા) ગઈકાલે સવારે ચોટીલા - અમદાવાદ હાઈવે રોડનું કામ ચાલુ હોય ત્યાં મજૂરી કામ કરી રહ્યા હતા. ત્યાં અચાનક બેફામ સ્પીડમાં આવેલ ડમ્પરે તેમને હડફેટે લીધા હતા. જેથી માથાના ભાગે ગંભીર ઇજા થઈ હતી. ઈજાગ્રસ્ત હાલતમાં તેમને ચોટીલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જે પછી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં ગઈકાલે સાંજે ટૂંકી સારવારમાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના ઇન્ચાર્જ એએસઆઈ એ. જી. મકવાણા, રેખાબેન સાવલીયા, રાઈટર ધર્મેન્દ્રભાઈ, રવિભાઈ, શક્તિસિંહ, આકાશભાઈ વગેરેએ ચોટીલા રોડ પોલીસને જાણ કરી હતી.

ચોટીલા પોલીસના હેડ કોન્સ્ટેબલ મેહુલભાઈ તેમની ટીમ સાથે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહ પી.એમ. માટે ખસેડ્યો હતો. પુછપરછમાં મૃતકના પરિવારે જણાવ્યું કે, મૃતક ૩ ભાઈ અને ૨ બહેનમાં નાના હતા. તેમને સંતાનમાં ૩ પુત્રી અને ૨ પુત્ર છે. સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.